ધુળેટીના પર્વે હર્બલ રંગોનું વિશેષ આકર્ષણ

ગાંધીનગર, તા. ૨૩

હોળીને પ્રગટાવી બીજા દિવસે એકબીજાને રંગીને પર્વનો આનંદ માણવામાં આવે છે. ધુળેટી પર્વ તરીકે ઓળખાતા આ પર્વે વપરાતા રંગો હર્બલ હોય તેવો આગ્રહ કેટલાક રાખતા થયા છે. હર્બલ રંગોએ બજારમાં વિશેષ આકર્ષણ જમાવ્યું છે.

ગણેશ, છોટાભીમ, બેન્ટેન અને પીચકારીમાંથી છૂટશે ધૂળેટીએ રંગો

એકબીજાને પ્રેમના રંગોથી રંગવાનું અને આનંદ-ઉલ્લાસનું પર્વ ધૂળેટી નજીક આવતા જ બજાર અવનવી પીચકારીઓથી ઉભરાય છે. આ વર્ષે ગણેશ છોટાભીમ, બેન્ટેન, એક થા ટાઈગર, એકે-૫૬ સહિતની પીચકારીઓ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. રૂપિયા ૫ થી ૭૦૦ સુધીની કિંમતની પીચકારીની ૧૫૦ જેટલી વેરાટીઓ બજારમાં ઉપલબ્ધ છે. હોળી-ધૂળેટીના પર્વમાં નાનેરાથી માંડીને મોટેરા આનંદથી ઝૂમી ઉઠે છે. કારણ કે, આ રંગોનું પર્વ છે. જેમાં લોકો એકબીજાને પ્રેમ અને મિત્રતાની લાગણીના રંગોથી રંગે છે. બાળકો તો આ પર્વની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. કારણ કે, રંગોની સાથે અવનવી અને આકર્ષક પીચકારીથી એકબીજાને રંગોના પાણીથી ભરવાનો આનંદ કંઈક ઓર જ હોયછે. દર વર્ષે બજારમાં નીતનવી ડિઝાઈની પીચકારી જોવા મળે છે. આ વર્ષે પણ પીચકારીની બજારમાં ૧૫૦ જેટલી વેરાયટીઓ ઉપલબ્ધ હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. રૂ. ૫ થી ૭૦૦ ની કિંમતની પીચકારી બજારમાં મળતી હોવાથી તમામ વર્ગને પોશાય તેમ છે. આ વર્ષે ખાસ કરીને હાથી, ઘોડા, બેન્ટેન, ગણેશ, એકે-૫૬, છોટાડોન, એક થા ટાઈગર, સીક્સ ઈન વન, સ્પાઈડરમેન, ટોમ એન્ડ જેરી, છોટાભીમ સહિતની પીચકારીઓ રંગ જમાવી રહી છે.

હોળી-ધૂળેટીના પર્વો નજીક આવી રહ્યા છે તેમ તેમ બજારોમાં રંગો, પિચકારીઓ અને આ પર્વ સાથે જોડાયેલી વિવિધ ચીજવસ્તુઓ ઉપલબ્ધ બની રહી છે. ધૂળેટીના પર્વે ગાંધીનગર શહેરમાં હર્બલ રંગોની માંગ વધી છે. કુદરતી રંગ જેમાંથી પ્રાપ્ય છે તેવા કેશુડાના ફૂલોનું વેચાણ પણ બજારમાં થઈ રહ્યું છે. ધૂળેટીને ધ્યાને લઈને વિવિધ રંગોના ઢગલાઓ શહેરમાં ખડકી દેવાયા છે. હોળી-ધૂળેટીના પર્વે બાળકોથી માંડીને મોટેરાઓ રંગથી રંગાઈ જાય છે. ખાસ કરીને યુવાનો તો આ પર્વની ઉજવણી મન ભરીને કરે છે. શંખજીરૂમાંથી બનતા રંગોથી બજાર ઉભરાયું છે. ૧૦થી ૨૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહેલા રંગો નાના પાઉચમાં પણ ઉપલબ્ધ છે. રંગોની સાથે જ પીચકારીઓ અને નાના ફુગ્ગાઓનું વેચાણ પણ થઈ રહ્યું છે.

કેમીકલના ઉપયોગથી વધી રહેલા ચામડીના રોગો વધતા ઘણા લોકો હવે હર્બલ કલરની ડીમાન્ડ કરી રહ્યા છે. ડિમાન્ડ વધતા હવે વેપારીઓ અન્ય રંગોની સાથે હર્બલ કલર પણ મંગાવી વેચી રહ્યા છે. સુરક્ષિત હોળી રમવાનો કન્સેપ્ટ પોપ્યુલર બનતા હર્બલ કલરની માંગ કરતો એક ખાસ વર્ગ છે. ચામડી અને આંખને નુકશાન ન કરે તેવા હર્બલ રંગો ખાસ અમરાવતીથી મંગાવવામાં આવે છે. જેની કિંમત ૧૦૦ રૂ. કિલો જેટલી છે. જાર પેકમાં ઉપલબ્ધ આ હર્બલ રંગો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. મોંઘા હોવા છતાં તેની ખરીદી ધીમે ધીમે વધી રહી છે. ઘણા વસાહતીઓ તો કેસુડાના ફૂલોથી ઘરમાં જ હર્બલ રંગ બનાવવા તેની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે.

સીંગલ બોર રાયફલ લઈને ફરતો એક શખ્સ ઝડપાયો

એસ.ઓ.જી.એ બાતમી આધારે ગીયોડ પાસેથી મોડી સાંજે પકડી પાડ્યો હતો : રાયફલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર પાસે આવેલા ગીયોડ ગામની સીમમાં એક શખ્સ રાયફલ રાખતો હોવાની બાતમીને આધારે ગઈરાત્રે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે બાતમીવાળા સ્થળે પહોંચી જઈ રાયફલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. લાયસન્સ-પરમીટ વગર સીંગલ બોર રાયફલ કબ્જે લઈને એસઓજી પોલીસે તે શખ્સની ધરપકડ કરી ચિલોડા પોલીસને સોંપી દીધો છે. ચિલોડા પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. આશુતોષ પરમારને ગઈકાલે મોડી સાંજે બાતમી મળી હતી કે ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલા ગિયોડ ગામની સીમમાં એક શખ્સ રાયફલ સાથે રહે છે જેને આધારે મોડી સાંજે પી.આઈ. તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. ગિયોડ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ નજીક તે શખ્સ રાયફલ સાથે મળી આવતા તેને ઝડપી લેવામાં આવ્યો હતો. ગીયોડ ગામમાં રહેતા આ શખ્સ ઈબ્રાહીમ જુમ્મા પાસેથી સીંગલ બોર રાયફલ મળી આવી હતી. પોલીસે તે રાયફલ કબ્જે લઈને તેની ધરપકડ કરી લઈ રાયફલ કેમ રાખતો હતો તેનું સઘન ઈન્ટીગેશન કર્યું હતું. જેમાં ખેતરોમાં ઘુસી જઈને ભુંડ, નીલગાય જેવા પશુઓ દ્વારા થતા નુકશાનને બચાવવાનું કામ કરતો હોવાનુ બહાર આવ્યું છે. આ શખ્સે રખોપુ રાખ્યું હતું. ઈબ્રાહીમ જુમ્માની ધરપકડ કરી ચિલોડા પોલીસને સોંપાતા પોલીસે વધુ પુછપરછ સરૂ કરી છે.

રાજ્યના ઉદ્યોગો પાસેથી વીજ નિગમને સૌથી વધુ ૧૩,૦૦૦ કરોડની આવક

ઉર્જા વિકાસ નિગમ પાસેથી ઉદ્યોગો ૪૨ ટકા વીજળી વાપરે છે, કૃષિમાં ૨૫ ટકા અને ઘરોમાં ૧૪ ટકા : બીજાક્રમે ૩૦૫૫ કરોડ સાથે ઘર વપરાશ

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા.૨૪

ગુજરાતના નાના-મોટા ઉદ્યોગો સૌથી વધુ વીજળી વાપરે છે અને સૌથી વધુ ૧૩,૦૦૦ કરોડની મહેસૂલી આવક ચૂકવી છે. બીજાક્રમે ૩૦૫૫ કરોડ સાથે ઘર વપરાશની વીજળી આવે છે. એટલે કે પ્રતિ વર્ષ વીજળી વાપરતા પરિવારોનો વીજ વપરાશ ૧૪ ટકા છે, જ્યારે કૃષિ ક્ષેત્રે ૨૫ ટકા વીજળી વપરાય છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ જાહેર થયેલા છેલ્લા અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ભારે દબાણવાળા ઉદ્યોગોનો વીજ વપરાશ ૨૯ ટકા છે જેણે ૮૯૭૭ કરોડ રૂપિયા નિગમની કંપનીઓને ચૂકવ્યા છે. હળવા દબાણવાળા ઉદ્યોગોનો વીજ વપરાશ ૧૩ ટકા છે અને તેઓએ નિગમને ૪૦૨૯ કરોડ ચૂકવ્યા છે.

આ બન્ને પ્રકારના ઉદ્યોગોને બાદ કરતાં બીજાક્રમે ઘરવપરાશની વીજળી આવે છે. કૃષિક્ષેત્રે અપાતી વીજળી પેટે રાજ્ય સરકારને ૨૮૯૦ કરોડની મહેસૂલી આવક પ્રાપ્ત થઈ છે. પરવાનેદારોએ ૧૩ ટકા વીજળી વાપરી છે અને ૨૬૯૦ કરોડ ચૂકવ્યા છે. જાહેર દિવાબત્તીમાં એક ટકો અને વાણિજ્યિક હેતુ માટે બે ટકા વીજળી વપરાઈ છે અને તેના પેટે અનુક્રમે ૯૪ કરોડ અને ૭૨૮ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમની આવકમાં પણ વધારો થયો છે. ૨૦૦૬-૦૭માં વીજ વપરાશની વસૂલાતનો આંકડો માત્ર ૧૩,૧૦૧ કરોડ હતો તે ૨૦૧૦-૧૧માં વધીને ૨૦,૮૨૦ કરોડ અને ૨૦૧૧-૧૨માં વધીને ૨૩,૮૦૮ કરોડ થયો છે. ગુજરાતમાં રેલ્વેએ એક વર્ષમાં ૪૦૨ કરોડ વીજ પેટે ચૂકવ્યા છે અને વારીગૃહોએ ૪૩૫ કરોડ આપ્યા છે. વર્ગવાર વીજ વેચાણની આવક જોઈએ તો બન્ને પ્રકારના ઉદ્યોગોની સૌથી વધારે છે.

જો કે આ આંકડામાં અમદાવાદ, ગાંધીનગર અને સુરતનો સમાવેશ થયો નથી કારણ કે આ ત્રણેય જગ્યાએ પ્રાઈવેટ કંપની ટોરેન્ટની વીજળી વાપરવામાં આવે છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમની ચાર કંપનીઓ નફો કરતી હોવાથી તેને અલગ અલગ ઈન્કમટેક્સ ભરવો પડે છે તેથી સરકારમાં એવી દરખાસ્ત થઈ છે કે આઠ વર્ષ પછી આ ચારેય કંપનીઓનું વિલિનિકરણ કરીને એક જ કંપની બનાવવી, કે જેથી ઈન્કમ ટેક્સ ભરવામાંથી છૂટી શકાય. જો કે આ દરખાસ્ત ઉપર રાજ્ય સરકારે હજી સુધી કોઈ કાર્યવાહી કરી નથી.

અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નિગમનું વાર્ષિક ટર્ન ઓવર ૨૬,૩૦૪ કરોડ બતાવવામાં આવ્યું છે. નિગમે વર્તમાન ૧૭૧.૩૨ કરોડ અને પાછલા વર્ષના બાકી ૩૮.૪૮ કરોડ ઈન્કમટેક્સ ભર્યો છે છતાં કર બાદનો નફો ૬૨૩ કરોડ બતાવવામાં આવે છે.

મહાનગર ભાજપના વોર્ડ પ્રમુખો નિમાયા

પાંચ નવા વોર્ડ પ્રમુખોની નિયુક્તી સાથે શહેરના ૧૧ વોર્ડના સંગઠ્ઠનોના સૂત્રધારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા શહેરના ૧૧ વોર્ડના નવા હોદ્દેદારોની નિયુક્તીને બહાલી આપી દેવામાં આવી છે.

શહેર ભાજપે ૧૧ વોર્ડમાંથી ૫ વોર્ડ પ્રમુખોમાં બદલાવ કર્યો છે જ્યારે છ વોર્ડ પ્રમુખોની પુનઃ પસંદગી કરી છે. પક્ષના શહેર એકમના પૂર્વ કોષાધ્યક્ષ શ્રી વિષ્ણુભાઈ પટેલને વોર્ડ નં. ૪ના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે. આ ઉપરાંત વોર્ડ નં. ૮ના મહામંત્રી શ્રી અમીત દેસાઈ તથા વોર્ડ નં. ૧૦માં મહામંત્રીશ્રી વિનાયક પટેલને વોર્ડ પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

શહેરના વોર્ડ સંગઠ્ઠનોમાં જે નવા પ્રમુખો મુકાયા છે તેમાં વોર્ડ નં. ૩માં દેવેન્દ્ર સુખડિયા, વોર્ડ નં.-૪માં વિષ્ણુભાઈ પટેલ, વોર્ડ નં. ૬માં વસંતભાઈ રાઠોડ, વોર્ડ નં. ૮માં અમીત દેસાઈ અને વોર્ડ નં. ૧૦માં વિનાયક મોદીનો સમાવેશ થાય છે.

વોર્ડ નં. ૧માં સુરેશ પટેલ, વોર્ડ નં. ૨માં કાર્તિકભાઈ પટેલ, વોર્ડ નં. ૫માં કેતન જોશી, વોર્ડ નં. ૯માં સિરીષ મોદી અને વોર્ડ નં. ૧૧માં મહેન્દ્ર પટેલ (બાબુભાઈ પટેલ)ની પુનઃ પસંદગી કરવામાં આવી છે.

સંગઠન પર્વ ૨૦૧૨-૧૩ ગાંધીનગર મહાનગરમાં વોર્ડ પ્રમુખોની નિમણૂંક બાબતે તાજેતરમાં બેઠક યોજાઈ હતી જેમાં ગાંધીનગર મહાનગરના ઈન્ચાર્જ શ્રી કે.સી પટેલ પ્રભારીશ્રી રમિલાબેન બારા નિરીક્ષક શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, મહાનગરના પ્રમુખશ્રી ઋચિરભાઈ ભટ્ટ, મહામંત્રી મહેન્દ્ર પટેલ (દાસ), અતુલ પટેલ, રણછોડભાઈ રથવી, સંરચના અધિકારીશ્રી ફાલ્ગુનભાઈ વોરા, ચાણક્ય પટેલ, સુર્યાબેન ઠાકોર હાજર રહ્યા હતા.

ઉપરોક્ત બેઠકમાં દરેક વોર્ડના વોર્ડ પ્રમુખની નિમણુંક બાબતે ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, મેયરશ્રી મહેન્દ્ર રાણા, વિપક્ષ નેતા મનુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ નિતીનભાઈ પટેલ, પૂર્વ જિલ્લા મહામંત્રી એચ.એમ. પટેલ, સંજીવ મહેતા, ચંદુભાઈ પટેલ, કોર્પોરેટરોશ્રીઓ, મહાનગરના તમામ હોદ્દેદારશ્રીઓ, વોર્ડ પ્રમુખ-મહામંત્રીશ્રીઓ અને હોદ્દેદારોશ્રીઓ તથા તમામ સક્રિય કાર્યકરો અને બુથ પ્રમુખશ્રીઓની રજુઆતો સાંભળી હતી. રજુઆતોને અંતે ગાંધીનગર મહાનગરનું સંગઠન સર્વ વ્યાપી, સર્વ સ્પર્શી અને સર્વપ્રીય બને તેને ધ્યાનમાં રાખીને પ્રદેશના માર્ગ દર્શન હેઠળ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

બજારોમાં કેરી દેખાઈ પણ ભાવો ઊંચા

કેરીનો પાક બજારોમાં વહેલો આવ્યો પરંતુ ગુણવત્તા નીચી અને ભાવ ઊંચા

ગાંધીનગર, તા. ૨૪

આજકાલ બજારોમાં અન્ય ફળોની સાથે કેરી પણ દેખાઈ રહી છે. કેરીનો પાક વહેલો આવી ગયો છે. પરંતુ ભાવો ઊંચા હોવાથી મોટાભાગના લોકોએ હજુ કેરીનો સ્વાદ ચાખ્યો નથી. આગામી મહિને ભાવો નીચા જશે તે પછી કેરીનો સ્વાદ સૌ કોઈ માણી શકશે.

ફળોના રાજા કેરીનું આગમન શહેરમાં થઈ ગયું છે. આ વર્ષે કેરીની સિઝનનો પ્રારંભ વહેલો છે. સામાન્ય રીતે હોળી-ધૂળેટી બાદ કેરીની સિઝન ગણાતી હોય છે. પરંતુ આ વર્ષે કેરીની સિઝન ઘણી વહેલી શરૂ થઈ ગઈ છે. છેલ્લાં કેટલાક સમયથી હાફુસ,

● અનુસંધાન પાન-૭ પર

Govt. of Delhi Regd. No. 3809(India) www.bhsedelhiboard.net

Board of Higher Secondary Education, Delhi

Regd. Office : Shivkunj Nagar, Burari, Delhi-110084
For information of Central / Contact / Information Office
Sai Kripa Bhawan 8/41, Gawan 202527 (Badaun) U.P.
Regional Office : Chibila Bazar, Madhoganj, Pratapgarh(U.P.)

8th pass can do 10th & 10th can do 12th

Note : SC/ST candidates may get rebate of 50% in all over fees in our board apply with all documents upto 31st March, 2013

Private schools / coaching centres / institutions can also open branch of our board in their area and earn in lacs. Language of courses : Hindi, English, Urdu and other languages Our courses are recognised for all over India & Based on NCERTSyllabus.

You can open our branch of Board by paying fee of Rs. 15000/- only Last Date 28-03-2013

10th & 12th correspondence course in 6 months only

Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921

All exams will be held from 15-30 April in All over India and results will be declare on 30th June last date for form is 31-03-2013 for outstation upto 28 March, 13

Central Office : A5A/40, SANTRO TOWER, Janak Puri, New Delhi-110058

Help Lines : 08505813851, 09560923062 E-mail : bhse1234@yahoo.com

Hurry-up Seats are Limited Direct Admission for Sr. Sec. & Madhyamic 100% Assistance

જલ્પા જ્વલંત ઓઝાના માતુશ્રીનું અવસાન

ગાંધીનગર, તા.૨૪

જલ્પા જ્વલંત ઓઝાના માતુશ્રી હિમાદ્રીબેન યોગેશભાઈ જોષીપુરાનું મોડીરાત્રે અવસાન થયું છે. સદ્ગતની અંતિમયાત્રા ૨૫-૩-૧૩ને સોમવારે સવારે ૯ કલાકે ૧૦૭, સર્વોદયનગર, સેક્ટર-૩૦ ખાતેથી નિકળશે.

દ્વિતીય પૂણ્યતિથિ સ્મરણાંજલિ



પ્રો. અંકુર પુરાણી

(જન્મ : તા. ૨૭-૧૦-૧૯૭૪ ● નિધન : તા. ૨૫-૩-૨૦૧૧)

હજુય ભણકારા વાગે !
સુત સૂતો છે નિજધામે તોય ભર્યો ઓરડો લાગે,
હજુય ભણકારા વાગે !
પ્રશ્નો ભલે ને મોટા, એના ઉકેલ હોય,
ગામતરે જાવાની આ તે ઉંમર હોય ?
ખાલીપાથી ભર્યું ખોરડું, કંઈક નજરું તાગે,
હજુય ભણકારા વાગે !
એ સૂતો છે અહીં ને એનાં સપનાં આઘે,
ખરી પડ્યું ગુલાબ અમારા ઘરના બાગે,
તને સૂઝ્યું શું કાળ, જિંદગી હિસાબ માગે,
હજુય ભણકારા વાગે !

(તા. ૨૫-૬-૨૦૧૧)

ભાનુપ્રસાદ પુરાણી - રમા પુરાણી
કેયૂર પુરાણી - પાયલ પુરાણી
મયૂર પુરાણી - ફાલ્ગુની પુરાણી અને પરિવાર
'રાજદીપ', પ્લોટ નં. ૧૦૩/૨, સેક્ટર-૨/એ, ગાંધીનગર

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com